(2)

# GPSC Main Exam 2018-19 By Vision Publication

## Practice Paper – ~~1~~ (2) (General Studies)

- ઉમેદવારનું નામ : મુકેશ મકવાણા
- ઉમેદવારનો રોલ નંબર : 7046689366
- ઉમેદવારની સહી:
- પરીક્ષાનું નામ : GPSC – 2018-19
- વિષય : General studies
- પરીક્ષાની તારીખ : 10/05/2018

| પ્રશ્નક્રમાંક | કુલ ગુણ | મેળવેલ ગુણ | રિમાર્ક્સ |
|---|---|---|---|
| 1 | 5 | 5 | |
| 2 | 5 | 5 | |
| 3 | 5 | | |
| 4 | 5 | | |
| 5 | 5 | | |
| 6 | 5 | | |
| 7 | 5 | | |
| 8 | 5 | | |
| 9 | 5 | | |
| 10 | 5 | | |

(10)

10/05/2018

નોંધ : મુદ્દાસર જવાબો લખવા, અંત સુધી મુદ્દાને સંલગ્ન લખવું

→ મુખ્ય પરીક્ષામાં 3+ન કોપી જ પેજમાં જવાબો લખવાના હોય એટલે મહત્વની બાબતો યાદ રાખીને લખવી.

→ લખાણ પર ખાસ ધ્યાન આપવું.

નોંધ : દરેક પ્રશ્નના 5 ગુણ છે. અને તેના ઉત્તર આશરે 100 શબ્દોમાં લખવાના છે. દરેક પ્રશ્ન ફરજિયાત લખવાનો રહેશે.

અહીંથી ઉત્તરો લખવાનું શરૂ કરવુ

**પ્રશ્ન-1** મોહમ્મદ ઘોરીનું ભારત પરનું આક્રમણ જણાવો તથા તેની અસરોનું વિવેચન કરો.

**જવાબ:-** **પ્રસ્તાવના**

→ શિહાબુદ્દીન મોહમ્મદ ઘોરીનો જન્મ ઈ.સ. 1144માં થયો હતો. મોહમ્મદ ઘોરીએ ગ્યાસુદ્દીન ઘોરીના શાસનકાળ દરમિયાન નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને ગ્યાસુદ્દીનના મૃત્યુ બાદ મોહમ્મદ ઘોરીએ પોતાની સત્તા દૃઢ કરીને ઉત્તર ભારત પર આક્રમણ કરી પોતાના સામ્રાજ્યનો નોંધપાત્ર વિસ્તાર કર્યો.

**મોહમ્મદ ઘોરીના આક્રમણો પાછળના કારણો**

→ મોહમ્મદ ઘોરીના આક્રમણો પાછળ નીચે મુજબના કારણો આપી શકાય.

**(1) ઘોરી સામ્રાજ્યનો વિકાસ**

→ મોહમ્મદ ઘોરી એક સામ્રાજ્યવાદી અને મહત્વાકાંક્ષી સુલતાન હતો. તેણે પોતાની સત્તા દૃઢ કરીને ભારતની રાજકીય, સામાજિક અને લશ્કરી શિથિલતા અને નિર્બળતાનો લાભ લઈને ભારત પર આક્રમણ કરવા વિજય મેળવીને પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો.

**(2) મુસ્લિમ રાજ્યની સ્થાપના**

→ મોહમ્મદ ઘોરીના આક્રમણોનો મૂળભૂત ઉદ્દેશ ભારતમાં મુસ્લિમ રાજ્યની સ્થાપના કરવાનો હતો. ઇસ્લામની સેવા કરવા, મૂર્તિપૂજાનો નાશ કરવા, મૂર્તિપૂજકોને ઇસ્લામના અનુયાયી બનાવવા વગેરે બાબતોને તે પોતાનું પરમ કર્તવ્ય સમજતો હતો.

→ ઇસ્લામના પ્રચારની આશાઓમાંથી તેનો મુખ્ય ઉદ્દેશ વિજયો મેળવવાનો પણ હતો. આમ તેનો રાજકીય ધાર્મિક કરતાં રાજનૈતિક વધારે હતો.

(3) ધનપ્રાપ્તિ

→ ભારત પોતાની સમૃદ્ધિ અને ધન-સંપત્તિ માટે સદીઓથી પ્રખ્યાત હતું. તેથી મોહમ્મદ ઘોરીએ આ ધન મેળવવા ભારત પર આક્રમણો કર્યાં. આ ધન-સંપત્તિનો ઉપયોગ તે અન્ય યુદ્ધોમાં કરીને પોતાના સામ્રાજ્યને વિસ્તાર કરવા માંગતો હતો.

## મોહમ્મદ ઘોરીના ભારત પરના આક્રમણો

→ મહમૂદ ગઝનવીના આક્રમણો પછી લગભગ એકસો વર્ષ સુધી વિદેશીઓ ભારત પર આક્રમણો કર્યાં ન હતા. હવે ઈ.સ. 1175 થી છેક ઈ.સ. 1205-'06 સુધી મોહમ્મદ ઘોરીએ નીચે મુજબના આક્રમણો કર્યાં.

(1) મુલતાન અને સિંધ પર આક્રમણ

→ મોહમ્મદ ઘોરીએ સૌપ્રથમ ઈ.સ. 1175માં મુલતાન પર આક્રમણ કર્યું અને અહીંના શિયા મુસ્લિમ રાજાને પરાજિત કરી મુલતાન કબજે કર્યું અને પોતાના સૂબાની નિયુક્તિ કરી. તે પછી સિંધના નીચલા ભાગમાં આવેલ ઉચ્છ જીતી લીધું અને ત્યારબાદ ઈ.સ. 1182માં આખું સિંધ અને સિંધનો સમુદ્ર કિનારો પણ જીતી લીધો.

(2) ગુજરાત પર આક્રમણ

→ ઈ.સ. 1178માં મોહમ્મદ ઘોરીએ કચ્છનું રણ ઓળંગી ગુજરાતમાં અણહિલવાડના સોલંકી રાજ પર ચઢાઈ કરી, પરંતુ તેમાં તેનો સખત પરાજય થયો.

(3) પેશાવર અને પંજાબ પર વિજય

→ પંજાબ પર નિર્બળ ખુશરો મલિકનું રાજ્ય હતું. ઈ.સ. 1181, ઈ.સ. 1185 અને ઈ.સ. 1186માં પંજાબ પર આક્રમણ કરીને

ખુશરો મલિકને હરાવીને કેદ કરીને, મોહમ્મદ ઘોરીએ પંજાબ અને લાહોર (પેશાવર) પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો. તેના આ વિજયથી ગંગા - જમનાના પ્રદેશમાં આગળ વધવાનો તેમજ ભારત વિજય માટેનો માર્ગ મોકળો થયો.

(4) તરાઈનું પ્રથમ યુદ્ધ અને મોહમ્મદ ઘોરીનો પરાજય

→ ઈ.સ. 1191માં મોહમ્મદ ઘોરીએ દિલ્હીના પરાક્રમી રાજવી પૃથ્વીરાજ ચૌહાણ સામે દિલ્હીથી 80 માઈલ દૂર તરાઈના મેદાનમાં યુદ્ધ કર્યું. પૃથ્વીરાજના ભાઈ ગોવિંદરાજ વડે ઘાયલ થયેલ મોહમ્મદ ઘોરીને એક ખલજી અસવાર ઘોડા પર નાખીને યુદ્ધ મેદાનમાંથી ઉપાડી ગયો. રાજપૂતોએ ભાગતી મુસ્લિમ સેનાનો 40 માઈલ સુધી પીછો કર્યો. પૃથ્વીરાજે ભટિંડા અને સરહિંદ પર ફરીથી અધિકાર સ્થાપિત કર્યો.

(5) તરાઈનું દ્વિતીય યુદ્ધ અને પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય

→ તરાઈના પ્રથમ યુદ્ધના પરાજયનો વેર વાળવા એક વર્ષ સુધી મોહમ્મદ ઘોરીએ તૈયારીઓ કરી અને ઈ.સ. 1192માં 1 લાખ 20 હજાર ઘોડેસવાર સૈનિકોની સાથે ફરીથી પૃથ્વીરાજ સામે ભયંકર યુદ્ધ કર્યું. શરૂઆતમાં રાજપૂત સેનાએ મુસ્લિમ સૈન્યને પાછા હટવા ફરજ પાડી. પરંતુ મોહમ્મદ ઘોરીની વ્યૂહરચનાએ હારની બાજીને જીતમાં પલટી દીધી. પૃથ્વીરાજને પકડી લેવામાં આવ્યો અને પાછળથી તેનો વધ કરવામાં આવ્યો અને ત્યારબાદ મોહમ્મદ ઘોરીએ દિલ્હી પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત કર્યો.

(6) મેરઠ, કોલ અને ઝાંસીનો વિજય

→ પૃથ્વીરાજને હરાવ્યા બાદ પોતાના વિશ્વાસુ સેનાપતિ કુતુબુદ્દીન ઐબકને જવાબદારી સોંપીને મોહમ્મદ ઘોરી ગઝની ચાલ્યો ગયો.

→ કુતુબુદ્દીને થોડા જ સમયમાં મેરઠ, દિલ્હી અને કોઈલ જીતી લીધાં.

(7) કનોજના યુદ્ધમાં જયચંદ્ર પર વિજય

→ તરાઈના યુદ્ધમાં પૃથ્વીરાજને મદદ નહીં આપનાર કનોજના જયચંદ્ર પર ઈ.સ. 1194માં મોહમ્મદ ઘોરીએ લગભગ 50,000ના લશ્કર સાથે યુદ્ધ કર્યું. જેનો જયચંદ્રએ દૃઢતાથી સામનો કર્યો અને વિજય હાથવેંતમાં જ હતો, પરંતુ કમનસીબે તેની આંખમાં તીર વાગતાં તે હતાશ બની ગયો અને અંતે માર્યો ગયો. રાજપૂત સૈન્યમાં ફેલાયેલી હતાશા, ગભરાટ અને અવ્યવસ્થાનો લાભ લઈ મોહમ્મદ ઘોરીએ ફરીથી વિજય પ્રાપ્ત કર્યો.

(8) અજમેર, ગુજરાત, બયાના, ગ્વાલિયર અને અણહિલ પાટણ પર આક્રમણ

→ તરાઈ વિજય બાદ મોહમ્મદ ઘોરી ગઝની જતો રહ્યો અને 5 વર્ષ સુધી ભારત ન આવી શક્યો. આ ગાળામાં તેના સેનાપતિ કુતુબુદ્દીન ઐબકે અજમેર, ગુજરાત, બયાના, ગ્વાલિયર, થાણગઢ, ખજૂરાહો વગેરે પર પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું. કુતુબુદ્દીન ઐબકે ગુજરાતના અણહિલવાડ પાટણ પર આક્રમણ કરી ભીમદેવને હરાવ્યો અને લૂંટ ચલાવી.

(9) બંગાળ અને બિહારનો વિજય

→ આ રીતે મોહમ્મદ ઘોરીના અન્ય એક સાહસિક સેનાપતિ બખ્તિયાર ખિલજીએ ઈ.સ. 1197-99માં બિહાર અને પશ્ચિમ બંગાળ કબજે કર્યાં. ત્યારબાદ ઈ.સ. 1204માં મુલતાનના આસકો (ખોખ્ખરો)એ તથા પંજાબના ખોખર લોકોએ તેની વિરુદ્ધ બળવો કર્યો અને ઈ.સ. 1206માં મોહમ્મદ ઘોરી ભારતથી ગઝની પાછો જઈ રહ્યો હતો ત્યારે 15 માર્ચ, ઈ.સ. 1206ના રોજ તેનું અવસાન થયું.

## મોહમ્મદ ઘોરીના આક્રમણનાં પરિણામો

→ ભારતમાં મોહમ્મદ ઘોરીના આક્રમણોના કેટલાક નોંધપાત્ર અને સ્થાયી પરિણામ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

### (1) હિંદુ રાજ્યોનું પતન

→ મોહમ્મદ ઘોરીના આક્રમણોનું સૌથી નોંધપાત્ર પરિણામ એ આવ્યું કે તેના વિજયોને લીધે હિંદુ રાજ્યોનો પરાજય થયો અને તેમના અનેક સ્વતંત્ર રાજ્યો અસ્ત પામ્યાં.

### (2) મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપના

→ મોહમ્મદ ઘોરીના સફળ આક્રમણો અને સ્થાયી વિજયોને પરિણામે ભારતમાં એક નવા જ મુસ્લિમ સામ્રાજ્યનો પાયો નંખાયો. લગભગ 6 સદી સુધી ટકી રહ્યું.

### (3) ધાર્મિક-સામાજિક ક્ષેત્રે પરિવર્તનો

→ ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપના થતા મુસ્લિમ શાસકોએ ઇસ્લામ ધર્મનો પ્રચાર કરવા તમામ સાધનોનો ઉપયોગ કર્યો. જે લોકો રાજપદ, સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માંગતા હતા તેમને માટે ઇસ્લામ ધર્મ અપનાવવાનું જરૂરી બન્યું. પરિણામે અનેક હિંદુઓ મુસ્લિમ બન્યા. સમાજમાં જુદા-જુદા ક્ષેત્રો પર અસર પડી અને તેનાથી હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિઓનો સમન્વય પણ થયો.

### (4) આર્થિક ક્ષેત્રે

→ ભારતમાં મુસ્લિમ સામ્રાજ્ય સ્થાપિત થતાં ગઝની, ખુરાસાન, બલ્ખ અને આરબ પ્રદેશો મુસ્લિમ દેશો સાથે ભારતનો વ્યાપારિક સંપર્ક ગાઢ અને ઘનિષ્ઠ બન્યો.

### (5) સાંસ્કૃતિક ક્ષેત્રે

→ મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપના થવાથી ઇસ્લામ ધર્મનો

પ્રભાવ અને પ્રભાવ પેઠે ભારતમાં એક નવી જ ઇસ્લામી સંસ્કૃતિનો જન્મ થયો. મુસ્લિમ સંતો તથા સૂફીઓએ ઇસ્લામ ધર્મનો શાંતિ અને સમન્વયથી પ્રચાર કર્યો અને તેનાથી ભારતીય સાહિત્ય, કલા અને સામાજિક તથા ધાર્મિક જીવન પ્રભાવિત બન્યું તો બીજી બાજુએ ભારતીય સંસ્કૃતિ અને સમાજ તથા ધર્મનો પણ ઇસ્લામી સંસ્કૃતિ પર નોંધપાત્ર પ્રભાવ પડ્યો અને સમય જતાં બંનેના સમન્વયથી ભારતીય સંસ્કૃતિ વિકાસ પામી.

## મોહમ્મદ ઘોરીનું મૂલ્યાંકન

→ મોહમ્મદ ઘોરી મહેમૂદ ગઝનવી જેટલો યુદ્ધકુશળ નહતો, પરંતુ વ્યવહારિક વહીવટી કૌશલ્ય, રાજનૈતિક પ્રતિભા અને વાસ્તવિક સફળતાની દૃષ્ટિએ વધુ શ્રેષ્ઠ હતો.

→ મોહમ્મદ ઘોરીએ શરૂઆતથી જ સામ્રાજ્ય સ્થાપવાનો નિશ્ચય કર્યો હતો.

→ મોહમ્મદ ઘોરીની ધાર્મિક સહિષ્ણુતા અને ધર્મનિષ્ઠાની ઇતિહાસ-કારોએ સારી પ્રશંસા કરી છે. આમ તો મોહમ્મદ ઘોરીના મૃત્યુ બાદ ગઝનીનું સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું. પરંતુ તેણે જે મુસ્લિમ સામ્રાજ્યનો ભારતમાં પાયો નાખ્યો તે દિન-પ્રતિદિન મજબૂત બનતું ગયું જે છેક ઇ.સ. 1857 ના બળવા સુધી ચાલ્યું. તેથી જ ઇતિહાસકારોએ મોહમ્મદ ઘોરીને 'મધ્યયુગીન એશિયાઈ ઇતિહાસમાં ઘણી આગળ પડતી વ્યક્તિઓમાંની એક તરીકે' વર્ણવ્યો છે.

પ્રશ્ન-2 ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-2013 ઘડવા પાછળનો ઉદ્દેશ સ્પષ્ટ કરી અને આ કાયદાની મુખ્ય જોગવાઈઓની તુલના માહિતી અધિકારના કાયદા સાથે કરો.

જવાબ

**~~કાયદો~~ ઘડવાનો ઉદ્દેશ**

→ નાગરિકોને નિયત સમયમર્યાદામાં સરકારી સેવાઓ મળી રહે, લોકોની ફરિયાદોનું નિવારણ થઈ શકે, તે માટે ગુજરાત સરકાર દ્વારા:

- વર્ષ 1998માં નાગરિક અધિકાર પત્રો (Citizen Charter) દાખલ કરવામાં આવ્યા
- વર્ષ 2004માં આ અનુસંધાનમાં જન સેવા કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી.
- વર્ષ 2011માં આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો (ATVT) હેઠળ તાલુકા કક્ષાએ પણ આવા કેન્દ્રો સ્થાપવામાં આવ્યા.

→ પરંતુ અત્યાર સુધી નાગરિક અધિકારપત્રો સ્વૈચ્છિક સ્વરૂપના હતા, અને જનસેવા કેન્દ્રોમાં મળેલ અરજી/ફરિયાદનો નિકાલ અમુક સમય-મર્યાદામાં કરવાની ફરજ પાડવા માટે કોઈ માળખું ન હતું. એટલે લોકાભિમુખ વહીવટ માટે સરકારના પ્રયત્નોની અસર મર્યાદિત રહી.

→ આથી નાગરિક અધિકાર પત્રોની અમલવારી કરવા હેતુ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ-2013 (Right of citizens to public service Act-2013) ઘડવામાં આવ્યો.

# માહિતી અધિકાર સાથે તુલના

| માહિતી મેળવવાનો અધિકાર-2005 | સેવાઓ અંગેનો અધિકાર-2013 |
| --- | --- |
| → ભારતીય સંસદ દ્વારા ઘડવામાં આવ્યો. | → ગુજરાત વિધાનસભા દ્વારા ઘડવામાં આવ્યો. |
| → દરેક સરકારી સંસ્થા, વૈધાનિક સંસ્થા, કોર્ટ, સંસદ, વિધાનસભા, નિગમ તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મોટા-પાયે સરકારી ફંડ મેળવનાર બિન-સરકારી સંસ્થાઓમાં પણ આ કાયદો લાગુ પડે છે. | → R.T.I. ની તુલનામાં આ કાયદાનો વ્યાપ મર્યાદિત છે. રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાની સરકારી સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને જ લાગુ પડે છે. |
| → ઉપરોક્ત તમામ સંસ્થાઓએ જાહેર માહિતી અધિકારી (Public Information Officers/PIO) મુકરર કરવા પડશે. | → ઉપરોક્ત તમામ સંસ્થાઓએ ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal Officers/GRO) મુકરર કરવા પડશે. |
| → ઉપરોક્ત અધિકારીએ સામાન્ય કિસ્સામાં દિન 30માં અરજીનો નિકાલ કરવાનો રહેશે, પરંતુ જો કોઈ વ્યક્તિની જિંદગી/સ્વતંત્રતાનો કિસ્સો હોય તો 48 કલાકમાં. | → 30 દિવસમાં ફરિયાદનો નિકાલ કરવાનો રહેશે. |
| → જો નિયત સમયમાં અરજીનો નિકાલ ન થાય, અથવા અરજદાર નાખુશ હોય તો તે PIO ની ઉપરની તે જાહેરસંસ્થાની મુકરર અપીલ સત્તાધિકારીને કરવી જેણે 45 દિવસમાં નિકાલ કરવાનો રહેશે. | → R.T.I. ની જેમ જ અહીં અરજદાર મુકરર સત્તાધિકારી (Designated Authority/DA) ને અપીલ કરશે, 45 દિવસમાં નિકાલ કરવાનો રહેશે. |

| | |
|---|---|
| → જો ઉપરોક્ત સ્તરે પણ નિકાલ ન થાય/ અરજદારને નારાજગી હોય તો તેઓ જાહેર સંસ્થા પાસેથી માહિતી નથી મળી તે મુજબ, રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રીય માહિતી પંચની ફરિયાદ કરી શકે છે. | → જો ઉપરોક્ત સ્તરે નિકાલ ન થાય/ અરજદારને નારાજગી હોય તો તે રાજ્ય સહકાર મહામંડળને ફરિયાદ કરી શકે છે. |
| → આયોગ જવાબદાર અધિકારી પર રૂ. 25,000 સુધીનો દંડ કરી શકશે. | → મહામંડળ જવાબદાર અધિકારી પર રૂ. 10,000 સુધીનો દંડ લાગુ કરી શકશે. |
| → માહિતીપંચ સમક્ષ પોતાની નિર્દોષતા સાબિત કરવાનો બોજ P.I.O. પર રહેશે. | → અહીં પણ પંચ સમક્ષ માગણીને સમયસર કેમ નહી આપવામાં આવી બાબત પોતાની નિર્દોષતા સાબિત કરવાનો બોજ જે તે સ.R.O. પર રહેશે. |
| → માહિતી મેળવવા અરજી વખતે, ફક્ત માહિતી કેટલા પાનામાં/D.V.D સ્વરૂપે જોઈએ છે એ મુજબ અગાઉથી ફીની જોગવાઈ, જો કે BPL કુટુંબોને ફી માફી છે. | → ફરિયાદની અરજી કરતી વખતે એડિશનલ તબક્કે ફી ભરવાની થતી નથી. |

સારાંશ

→ ઉપરોક્ત જોગવાઈઓને ધ્યાને લેતા નિઃશંક કહી શકાય કે જાહેર વહીવટને જવાબદારીયુક્ત લોકાભિમુખ કરવાની દિશામાં આ બે કાયદાઓ સીમાચિહ્નરૂપ સાબિત થશે.